**અમદાવાદ(ગ્રામ્ય)ના બીજા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં,અમદાવાદ**

ક્રિ. કે. નં.૨૮૮૧/૨૦૨૨

આંક– ..................

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :** કંચનબેન નરેશભાઈ ચુનારા

**<u>ગુન્હો : બોમ્બે પ્રોહી.એકટની કલમ.૬૬(૧)બી,૬૫(એ)(એ)મુજબ</u>**

(૧) સદરહું કામના આરોપી વિરુધ્ધ **બોમ્બે પ્રોહી.એકટની કલમ.૬૬(૧)બી,૬૫(એ)(એ)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓએ ગુન્હા અંગે આંક –૧ લગત ગુનો કબુલ કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનુ જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસીસમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કરેલ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજુઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો દયાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–<u>::હુકમ::</u>–**

સદર કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે **બોમ્બે પ્રોહી.એકટની કલમ.૬૬(૧)બી,૬૫(એ)(એ)** ના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **બોમ્બે પ્રોહી. એકટની કલમ.૬૬(૧)બી,૬૫(એ)(એ) મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૨૦૦/–**(અંકે રૂપીયા બસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. આરોપી એ **કુલ રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** દંડ ભરવો. અને જો દંડ ન ભરે તો **દિન–ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૨૬ મી , માહે જુન,, સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ: ૨૬/૦૬/૨૦૨૨
સ્થળ: અમદાવાદ

(એચ.જે.વસાવડા)
બીજા એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર
**UIC No.GJ01386**